# રાજ્યમાં કોરોના કેસોમાં ચિંતાજનક વધારો

## છેલ્લા ૨૪ કલાકમાં ૨૬ લોકોના મોત : રાજ્યમાં કુલ કેસોનો આંકડો ૫૦૫૪ ઉપર પહોંચી ગયો, રાજ્યમાં ધંધા-રોજગાર શરૂ કરવા અંગે નિર્ણય થઇ શકે

ગાંધીનગર, તા.૨

સમગ્ર દેશ સહિત ગુજરાતભરમાં પણ કોરોના વાયરસની સંખ્યા અવિરતપણે વધી રહી છે. ગુજરાતમાં કેસોની સંખ્યા પાંચ હજારથી પણ ઉપર પહોંચી ચુકી છે. રાજ્યમાં તમામ પગલા લેવાયા છતાં કેસોની સંખ્યામાં અવિરતપણે વધારો થઈ રહ્યો છે. મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે. રાજ્યમાં કોરોના સંક્રમણનો અટકાવવા માટે સોશિયલ ડિસ્ટેન્સિંગ ખુબ જ જરૂરી છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ સુરત સહિત અનેક વિસ્તારોમાં કોરોના કેસોમાં વધારો થઈ રહ્યો છે. હોટસ્પોટ જાહેર થયેલા અમદાવાદ શહેરમાં રોજ ૨૦૦થી વધારે કેસ નોંધાતા તંત્રમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. રાજ્યમાં આજે કોરોના પોઝિટિવના ૩૩૩ કેસો નોંધાયા હતા. જ્યારે માત્રના કોરોનાના કારણે ૯ તેમજ કોરોના અને અન્ય બીમારીને પગલે ૧૭ દર્દીઓ મળી કુલ ૨૬ દર્દીના મોત નિપજ્યા હતા. જ્યારે રાજ્યમાં ૧૬૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા હોવાની માહિતી રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ આપી હતી. જિલ્લાવાર જોઈએ તો આજે અમદાવાદમાં ૨૫૦, ભાવનગર ૬, બોટાદ ૬, દાહોદ ૧, ગાંધીનગર ૧૮, ખેડા ૩, નવસારી ૨, પંચમહાલ ૧, પાટણ ૩, સુરત ૧૭, તાપી ૧, વડોદરા ૧૭, વલસાડ ૧, મહીસાગર ૬ અને છોટાઉદેપુરમાં ૧ નોંધાયો હતો. રાજ્યમાં અત્યાર સુધી ૫૦૫૪ દર્દીઓ નોંધાયા છે. તે પૈકી ૩૬ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૩૮૬૦ દર્દીઓની હાલ સ્ટેબલ છે. ૮૯૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા છે અને ૨૬૨ દર્દીઓએ કોરોના સામેની જંગમાં જીવ ગુમાવ્યો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ દર્દીએ, વડોદરામાં ૩, સુરતમાં ૨ અને આણંદમાં એક દર્દીનું મોત થયું છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું છે કે, આજે મુખ્યમંત્રી સાથે રાજ્યમાં કયા ઝોનને કેવા પ્રકારની છૂટછાટ આપવાની છે તે અંગે બેઠકમાં ચર્ચા કરવામા આવશે. સીએમ સાથે ચર્ચા કર્યા બાદ છૂટછાટ અંગે જણાવવામાં આવશે. આ ઉપરાંત પરપ્રાંતીયોને તેમના પ્રાંતમાં મોકલવાની કામગીરી તબક્કાવાર શરૂ કરવામાં આવશે. ગાંધીનગરમાં વધતા જતા કોરોના પોઝિટિવના કેસોને કાબુમાં લેવા માટે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગાંધીનગરમાં પ્રવેશતા તમામ ૧૦ રસ્તાઓ પર કોવિડ ચેકપોસ્ટ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ગાંધીનગરમાં પ્રવેશથી ૧૦ બોર્ડરો પર કોવિડ ચેકપોસ્ટ શરૂ થવાની છે, જે આ પ્રમાણે છે વૈષ્ણોદેવી સર્કલ, ઝુંડાલ સર્કલ ,તપોવન સર્કલ, ભાટ, મોટા ચીલોડા, કોબા સર્કલ, શાહપુર સર્કલ, સરગાસણ ચોકડી, ઉવારસદ ચોકડી, અને ઘ-૭ ખાતે આવતીકાલ સવારથી આ ચેકપોસ્ટ શરૂ થશે જેમાં ગાંધીનગરમાં પ્રવેશતા તમામ લોકોનો ચેકિંગ કરવામાં આવશે. કોરોનાના સંક્રમણને અટકાવવા સોશિયલ ડિસ્ટન્સિંગ જરૂરી છે અને તેથી જ દેશભરમાં લોકડાઉનને વધુ ૧૪ દિવસ વધારવામાં આવ્યું છે. તેવામાં ઉદ્યોગ ધંધા રોજગાર શરૂ કરવા ગુજરાત સરકાર પર દબાણ વધી રહ્યું છે. આ સંજોગોમાં ગુજરાત સરકારની આજે સાંજે મળનારી કોર કમીટીની બેઠકમાં લોક ડાઉન, રેડ અને ઓરેન્જ ઝોન ઉપરાંત ધંધા રોજગાર શરૂ કરવા કે નહીં અને કરવા તો કેવી રીતે કરવા તે અંગેની ચર્ચા કરવામાં આવશે, કેન્દ્રના ગૃહ મંત્રાલયની ગાઈડ લાઈન મુજબ કેવી રીતે ધંધા રોજગાર શરૂ કરવા તેનો નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. રાજકોટ જિલ્લાના લોધિકા તાલુકાના પારડી ગામ વિસ્તારની સ્વામી વિવેકાનંદ પ્રાથમિક શાળામાં ધો. ૧ થી ૮ના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને એકત્ર કરવામાં આવ્યા હોવાનો વીડિયો સામે આવ્યો હતો. વીડિયો બહાર આવ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા તેની નોંધ લેવામાં આવી હતી. કલેક્ટર દ્વારા તાત્કાલિક અસરથી જિલ્લા શિક્ષણાધિકારીને બોલાવ્યા હતા. શાળાને બંધ કરાવવામાં આવી હતી.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૩૫૪૩ | ૧૮૫ | ૪૬૨ |
| વડોદરા | ૩૨૫ | ૨૪ | ૧૪૨ |
| સુરત | ૬૬૧ | ૨૮ | ૯૯ |
| રાજકોટ | ૫૮ | ૦૧ | ૧૮ |
| ભાવનગર | ૫૩ | ૦૫ | ૨૧ |
| આણંદ | ૭૪ | ૦૫ | ૩૧ |
| ભરૂચ | ૨૭ | ૦૨ | ૨૦ |
| ગાંધીનગર | ૬૭ | ૦૨ | ૧૩ |
| પાટણ | ૨૧ | ૧ | ૧૨ |
| પંચમહાલ | ૩૮ | ૦૩ | ૦૫ |
| બનાસકાંઠા | ૨૯ | ૦૧ | ૧૪ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૧૦ |
| છોટાઉદેપુર | ૧૪ | ૦૦ | ૦૬ |
| કચ્છ | ૦૭ | ૦૧ | ૦૫ |
| મહેસાણા | ૧૧ | ૦૦ | ૦૭ |
| બોટાદ | ૨૭ | ૦૧ | ૦૨ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૦૬ | ૦૦ | ૦૨ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ખેડા | ૦૯ | ૦૦ | ૦૨ |
| જામનગર | ૦૧ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૧ |
| સાબરકાંઠા | ૦૩ | ૦૦ | ૦૩ |
| અરવલ્લી | ૧૯ | ૦૧ | ૦૬ |
| મહીસાગર | ૨૩ | ૦૦ | ૦૫ |
| તાપી | ૦૨ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૬ | ૦૧ | ૦૦ |
| નવસારી | ૦૮ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૦ |
| કુલ | ૫૦૫૪ | ૨૬૨ | ૮૯૬ |

# અમદાવાદ અને સુરતથી શ્રમિકોની ટ્રેન રવાના

## વિશેષ ટ્રેન ૧૨૦૦-૧૨૦૦ પેસેન્જર લઈને આગ્રા અને ઓરિસ્સા રવાના : પરપ્રાંતિયોની માટે સરકાર દ્વારા હેલ્પલાઇન નંબર જાહેર, પરપ્રાંતિયોને વતન પરત મોકલવા વહીવટીતંત્ર કામે લાગ્યું

ગાંધીનગર,તા.૨

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આજે ડિજિટલ પત્રકાર પરિષદ દ્વારા જણાવ્યું હતુ કે, ગુજરાતમાંથી વતન જવા માંગતા પરપ્રાંતિયો માટે અને અન્ય રાજ્યોમાં ફસાયેલા લોકો માટે સરકારે અલગ અલગ હેલ્પલાઈન નંબર જાહેર કરી દીધા છે. અમદાવાદમાં લોકડાઉનમાં ફસાયેલા પરપ્રાંતિયોને વતન મોકલવાની કલેકટર કચેરી દ્વારા કામગીરી કરવામાં આવી છે. જે અમદાવાદથી આગરા બે ટ્રેન જવાની છે. જેમાં પરપ્રાંતિયોને યુપીના આગ્રા મોકલામાં આવશે. લોકડાઉનની સ્થિતિમાં પરપ્રાંતિયોને વતન મોકલતા સમયે ટ્રેનમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું સંપૂર્ણ પાલન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી છે. એક ટ્રેનમાં બારસો મુસાફરોને ટ્રેન મારફતે અમદાવાદથી વતન મોકલવામાં આવશે. આ રીતે બે ટ્રેન આજે જવાની છે અને તેમાં માત્ર રજીસ્ટ્રેશન કર્યુ હોય તેવા લોકો જ જઈ શકશે. વતન જનારા પરપ્રાંતિયો માટે સરકારે ભાડાનો દર નક્કી કર્યો છે. તે મુજબ ટિકિટનો ખર્ચ પરપ્રાંતીયોએ ભોગવવાનો રહેશે તે સરકારે સ્પષ્ટ કર્યું હતું. સરકારની આ જાહેરાત મુજબ, આજે અમદાવાદથી સાબરમતી રેલ્વે સ્ટેશન ખાતેથી વિશેષ ટ્રેન પરપ્રાંતીયોને લઇને આગ્રા રવાના થઈ હતી તો, સુરતથી ઓરિસ્સા માટે બે ટ્રેન પરપ્રાંતીયોને લઇ રવાના થઇ હતી. સોશ્યલ ડિસ્ટન્સીંગનું પણ પાલન કરી એક કોચમાં છ પરપ્રાંતીયોને જ બેસવાની મંજૂરી અપાઇ હતી. આશરે ૧૨૦૦થી વધુ પરપ્રાંતીયોને આગ્રા જવા વિશેષ ટ્રેનમાં રવાના કરાયા હતા.



તો સુરતથી પરપ્રાંતીયોને ઓરિસ્સા મોકલાયા હતા. જેને પગલે પરપ્રાંતીય શ્રમિકો, મજૂરો અને કામદારોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ હતી. મુખ્યમંત્રીના અગ્ર સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું હતુ કે, પરપ્રાંતીયોની મુશ્કેલીને જોતાં છેલ્લા બે અઠવાડિયાથી ગુજરાત સરકાર તરફથી પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે સરકારે હેલ્પ લાઈન નંબર જાહેર કર્યો છે. આ હેલ્પ લાઈન નંબર પર કોલ કરીને નોંધણી કરાવવાથી તેમને ગુજરાત પરત આવવા માટે વ્યવસ્થા કરાવવામાં આવશે.

ગુજરાતના જે લોકો અન્ય રાજ્યમાં ફસાયા છે તેને પરત લાવવા માટેની કામગીરી હાથ ધરી છે. આશરે ૩૦૦૦ ગુજરાતીઓને પરત લાવવામાં આવ્યા છે. ૦૭૯૨૩૨૫૧૯૦૦ તેમની વિગતો સ્ટેટ કંટ્રોલ ઉપર નોંધાવી શકે છે. સુરત અને અમદાવાદ શહેરમાં ગુજરાત બહારના પરપ્રાંતિય લોકો ગુજરાત આવીને નોકરી ધંધા કરે છે. આવા લોકોને તેમના રાજ્યોમાં જવા માંગતા હોય તેવા લોકો માટે ગુજરાત સરકારે ૧૬ અધિકારીઓની નિમણુંક કરી છે. પોતે પોતાના ખર્ચ પરત જવા માંગતા હોય. તેમને જવા દેવામાં આવશે. ટ્રેન અને બસની ટીકીટ કરીને જઈ શકશે.

## સાબરકાંઠાના આઠ ખરીદ કેન્દ્રો પરથી ૬૪૬૫ ક્વિન્ટલ ઘઉં ખરીદાયા


હિંમતનગર, તા. ૨

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી રવિ સિઝનમાં પાકેલા ઘઉંની ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના આઠ ખરીદ કેન્દ્રો પરથી શુક્રવાર સુધીમાં અંદાજે ૬૪૬૫ ક્વિન્ટલ ઘઉંની ખરીદી કરાઈ હતી. જોકે જિલ્લામાં અત્યાર સુધી ૩૫૧૮ ખેડૂતોએ ટેકાના ભાવે ઘઉં વેચવા માટે ખરીદ કેન્દ્રો પર ઓનલાઈન નોંધણી કરાઈ છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, જાદર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ, વડાલી, વિજયનગર ખાતે પુરવઠા નિગમ દ્વારા ખરીદ કેન્દ્રો શરૂ કરાયા છે જ્યાં દરરોજ ખેડૂતોને અગાઉથી જાણ કરીને તેમના વાહનોમાં ઘઉં ભરીને વેચવા માટે બોલાવવાની વ્યવસ્થા ગોઠવાઈ છે. જોકે તેના માટે તથા લોકડાઉન અને જાહેરનામાનો ભંગ ન થાય તેની તકેદારી રાખીને દરેક ખેડૂતને માસ્ક બાંધીને આવવાનું જણાવાયુ છે. શુક્રવારે ઈડર ખરીદ કેન્દ્ર પર ૭૫ ખેડૂતો ઘઉં વેચવા માટે આવ્યા હતા.

ખેડબ્રહ્મામાં ૧૧, તલોદમાં ૨૦, પ્રાંતિજમાં ૨૦, વડાલીમાં ૨ જ્યારે હિંમતનગરમાં ૩૦ ખેડૂતો મળી શુક્રવારે ૧૫૮ ખેડૂતોએ પોતાના ઘઉં ખરીદ કેન્દ્રો પર વેચ્યા છે. રજીસ્ટ્રેશનની વાત કરીએ તો જિલ્લામાં સૌથ વધુ ઈડર કેન્દ્રમાં ૧૫૮૫ ખેડૂતોએ નોંધણી કરાવી છે.

### શામળાજી નજીક શેલ્ટરહોમમાં પરપ્રાંતીય શ્રમિકોએ વતન જવાની માંગ સાથે

# પોલીસ પર પથ્થરમારો કરતા ઘર્ષણ





શામળાજી, તા. ૨

કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ રાજ્ય સરકારે ગુજરાત બહાર ફસાયેલા લોકોને પરત લાવવાની તેમજ ગુજરાતમાં ફસાયેલા લોકોને તેમના વતન મોકલવાની કામગીરી હાથ ધરી છે. તેમ છતાં પરપ્રાંતીય શ્રમિકોની ધીરજ ખૂટી રહી હોય તેમ પોલીસ સાથે ઘર્ષણમાં ઉતરી રહ્યા છે અરવલ્લીના શામળાજી નજીક ઉભા કરાયેલ શેલ્ટર હોમમાં શ્રમિકોએ વતન જવાની માંગ સાથે પોલીસ પર પથ્થરમારો કરતા પોલીસતંત્ર અને શ્રમિકો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. પથ્થરમારામાં ૩ પોલીસકર્મીઓને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા, એક પરપ્રાંતીય શ્રમિકને પણ ઈજાઓ પહોંચી હતી. ઘટનાના પગલે શામળાજી પોલીસ સહીત મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે ખડકી દીધો હતો. ઉચ્ચ અધિકારીઓ પરપ્રાંતીય શ્રમિકોને સમજાવવા તજવીજ હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લો રાજસ્થાન રાજયને અડીને આવેલો હોવાથી લોકડાઉનમાં પરપ્રાંતીય શ્રમિકો મોટી સંખ્યામાં આવી પહોંચતા પ્રશાસન તંત્રે તમામ શ્રમિકોને શેલ્ટરહોમમાં રાખી તબક્કાવાર તેમના વતનમાં મોકલી આપવા તજવીજ હાથ ધરી છે. શામળાજી નજીક શેલ્ટરહોમમાં રાખેલા ઉત્તરપ્રદેશ, બિહાર સહિતના પરપ્રાંતીય શ્રમિકોએ વતન જવાની માંગ સાથે હોબાળો કરી શેલ્ટરહોમ પર ફરજ બજાવતા પોલીસકર્મીઓ પર પથ્થરમારો કરતા પોલીસકર્મીઓ પથ્થરમારામાં ઈજાગ્રસ્ત બન્યા હતા. શેલ્ટરહોમમાં શ્રમિકોના પથ્થરમારાની ઘટનાના પગલે મોટી સંખ્યામાં પોલીસ કાફલો શેલ્ટરહોમમાં પહોંચી સ્થિતિને કાબુમાં લઈ પરપ્રાંતીય શ્રમિકોને સમજવા તજવીજ હાથ ધરી હતી.

### મોરપીંછના રંગ ● ચોથા પાનાનું ચાલુ

મિત્રો, આ કોરોના તો પ્રકૃતિનું જ એક કર્મ છે જે કર્મ માટે એણે ચીનને નિમિત્ત બનાવ્યું છે. કેમ કે પ્રકૃતિ ક્યારેય સીધી સામે આવીને દંડ નથી કરતી. કોઈ વિપરિત, ભયાનક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. ચીનને નિમિત્ત બનાવવાનું કારણ પણ હશે કે એને દુનિયાથી દંડિત કરાવવું હશે. પ્રકૃતિ આપણને કેવા કાર્ય માટે નિમિત્ત બનાવે છે એ આપણા જીવાઈ ગયેલા જીવનના કર્મો ઉપર આધારિત હોય છે. કોરોનાને કારણે આજે કરોડો લોકો ઈશ્વરની ભક્તિ અને પૂજા સાચા મનથી કરતા થઈ ગયા છે. છેલ્લા કેટલાય વર્ષોથી પૃથ્વી ઉપર નકારાત્મક ઊર્જાનું સંક્રમણ ખૂબ જ વધી ગયું હતું. એકબાજુ સૂર્યની વધતી જતી ગરમી અને પૃથ્વી ઉપરની નકારાત્મક - નફરતની ઊર્જાનું વધવું એ પૃથ્વીને મહાવિસ્ફોટ તરફ લઈ જઈ રહ્યું હતું, પણ હજી પૃથ્વીન વિનાશને અંદાજિત ચારેક કરોડ વર્ષની વાર છે. તેથી પૃથ્વી ઉપર સકારાત્મક ઊર્જાના આવિર્ભાવ માટે ભૂકંપ કે કોરોના જેવા ખેલ ખેલવા પડે છે. જેથી સમગ્ર બ્રહ્માંડનું બેલેન્સ જળવાઈ રહે, વળી આખા સંસારના કરોડો જીવોમાં એકમાત્ર માણસ જ સ્વાર્થી છે, એ જરુર વિના પણ તેનાથી નબળા માણસનો શિકાર કરી નાખે છે. જે પ્રકૃતિને જરાય મંજુર નથી. વળી પ્રકૃતિ માટે તો માણસ પણ વાયરસ જ છે. જે પૃથ્વી ઉપર સતત પોતાનો કબજો જમાવી રહ્યો છે. પ્રકૃતિના તત્વોનો નાશ કરતો જાય છે. અને હવે તો છેક બીજા ગ્રહ સુધી પહોંચીને ત્યા પણ પોતાનો કબજો કરવા ઈચ્છે છે. તો પ્રકૃતિ પણ માનવ વાયરસથી બચવાના કંઈક તો ઉપાય કરે જ ને ? જેમ કોરોનાએ પૃથ્વી ઉપર હાહાકાર મચાવ્યો છે તેમ આપણે ય સમગ્ર પૃથ્વી અને બ્રહ્માંડમાં હાહાકાર મચાવ્યો જ છે.

- 9426060601.india@gmail.com

### સરેરાશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોએ જીવ ગુમાવ્યો હતો .દેશમાં અત્યાર સુધીમાં ૯૯૫૦ કોરોના દર્દીઓ સ્વસ્થ થયા છે .મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી સૌથી અસરગ્રસ્ત રાજ્યો છે. દરમ્યાનમાં, કેન્દ્રીય સુરક્ષા બળના વધુ ૬૮ જવાનોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ તમામ પૂર્વ દિલ્હી ખાતે આવેલા ઝઈંહ્ન બટાલિયનના એક કેમ્પમાંથી જ છે. અત્યાર સુધી આ કેમ્પમાં ૧૨૨ સંક્રમિત મળ્યા છે. હવે તેમની સાથે સુરક્ષાબળના ૧૨૭ જવાનોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેમાંથી એક જવાન ઠીક થયો છે, જ્યારે એકનું મોત થયું છે. ઝઈંહ્ન દેશની સૌથી મોટી પેરામિલેટ્રી ફોર્સ છે. જેમાં લગભગ ૩.૨૫ લાખ જવાન અને અધિકારીઓ અલગ અલગ રેંક પર સેવા આપે છે. દિલ્હીમાં કોરોના સંક્રમણ પ્રભાવિત ચાર રેડ ઝોનને લિસ્ટમાંથી હટાવી દેવાયા છે. હવે અહીંયા ૯૭ રેડ ઝોન છે. દિલ્હીના કાપશેરામાં એક જ બિલ્ડિંગના ૪૧ લોકો કોરોના પોઝીટીવ જાહેર થતાં હડકંપ મચી ગયો હતો. વાસ્તવમાં , ૧૮ એપ્રિલના રોજ, દિલ્હીના કપશેરામાં એક મકાનમાં કોરોનાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ગીચ વિસ્તારને જોતાં વહીવટીતંત્રએ ૧૯ એપ્રિલના રોજ આ વિસ્તાર સીલ કરવાનો આદેશ આપ્યો હતો. આ પછી, ૨૦ એપ્રિલે અહીંથી ૯૫ લોકોના નમૂના લેવામાં આવ્યા હતા અને ૨૧ એપ્રિલે ૮૦ લોકોના નમૂના લેવામાં આવ્યા હતા અને આ નમૂનાઓ નોઈડાના એનઆઈબી લેબમાં મોકલવામાં આવ્યા હતા.

### આર્થિક પેકેજ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાટા પર લાવવા ઘરેલું અને વિદેશી રોકાણ આકર્ષવા માટે વડા પ્રધાને વાણિજ્ય મંત્રાલય અને એમએસએમઈ સાથે વિગતવાર ચર્ચા કરી છે. આ બેઠકોમાં ગૃહ પ્રધાન તેમજ નાણાં પ્રધાન ઉપસ્થિત રહ્યા હતા. લોકડાઉનથી સૌથી વધુ અસરગ્રસ્ત આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧.૭ લાખ કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી છે, જેમાં મફત અનાજ વિતરણ, એલપીજી વિતરણ અને ગરીબ મહિલાઓ અને વૃદ્ધોને રોકડ સહાયતાનો સમાવેશ થાય છે. સૂત્રો કહે છે કે સરકાર નીચલા વર્ગ અને ભારતીય ઉદ્યોગના લોકો માટે રાહત પેકેજના બીજા રાઉન્ડની જાહેરાત કરવાની વિચારણા કરી રહી છે. સરકારે પ્રથમ તબક્કામાં ૨૧ દિવસના લોકડાઉનની ઘોષણા કરી હતી, જે ૨૫ માર્ચથી ૧૪ એપ્રિલ સુધી ચાલી હતી, જેને આગળ વધારીને ૩ મે કરવામાં આવી હતી.

### મરકઝના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રાન્સફર કરવામાં આવે છે. ક્રાઈમ બ્રાંચ હવે આ ૧૨૫ ખાતાધારકોને ઓળખવાનો પ્રયાસ કરી રહી છે. ક્રાઈમ બ્રાંચે તેની તપાસમાં અત્યાર સુધીમાં જાણ કરી છે કે મરકઝને હવાલા દ્વારા સાઉદી અરેબિયા અને મધ્ય પૂર્વ દેશોમાંથી સૌથી વધુ પૈસા મળતા હતા. પૈસા જમા કરાવવા અને રહેવા માટે અને ધર્મના પ્રચાર માટે લેવામાં આવ્યા હતા. જો દિવસમાં ૧૦૦૦ માં આર્થિક રીતે સમૃદ્ધ તિબિલી જમાતનાં ૧૦૦૦ લોકોનાં જીવન જીવવા અને ખાવાનો ખર્ચ ૫૦,૦૦૦ પર આવે છે અને આ ૫૦ હજારને ૩૬૫ દિવસ એટલે કે એક વર્ષમાં ગુણાકાર કરે છે, તો તે એક મોટી રકમ બને છે. આટલી મોટી રકમ માર્કજને સતત મળી રહેતી હતી, જે જુદા જુદા બેંક ખાતામાં મૂકવામાં આવતી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર વિવિધ જૂથો તેમના ધર્મના પ્રચાર માટે માર્કઝની બહાર જતા હતા, ત્યાં કેટલા લોકો હતા અને તેમની હિલચાલ, રહેવા અને ખાવા માટે કેટલો ખર્ચ કરવામાં આવશે, તેના પર ઘણી બાબતો નક્કી કરવામાં આવી હતી. મૌલાના એ નિર્ણય લેતા હતા કે કોના જવાનમાં આવશે. યુનિટમાં જતા લોકોની આર્થિક સ્થિતિ પણ જોવા મળી હતી, દરેક યુનિટમાં કેટલાક વિદેશી હતા. દરેક ટુકડી નેતા બનાવવામાં આવી હતી, અને દરેક સૈન્યમાંથી નાણાં એકત્રિત કરવામાં આવતા હતા. જમા કરાયેલ નાણાં સૈન્યના નેતાને આપવામાં આવ્યાં હતાં. તે નેતાને ફક્ત તે પૈસા ખર્ચવાનો અધિકાર હતો. સૂત્રો કહે છે કે આ લોકો તે વિસ્તારોમાં મસ્જિદોમાં રહેતા હતા જ્યાં જમાત સૈન્ય જતા હતા.

### ૩૨ પર પહોંચી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચેરમેને કરેલા સૂચન પર તંત્રએ કોઈ પગલાં ન લીધા હોવાની વાતને લઈ આજે સરકાર કક્ષાએ પણ તેની ગંભીર નોંધ લેવાઈ હોવાનુ જાણવા મળેલ છે. ગાંધીનગર શહેરમાં નોંધાયેલા આજે ૬ કેસ સાથે કુલ કેસ ૩૧ થાય છે. જેમાંથી ૧૦ ને રજા આપવામાં આવી છે. ૧ દર્દીનું સારવાર દરમ્યાન મોત નીપજ્યુ હતુ. બાકીના હાલના એક્ટીવ પેશન્ટોની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

### ૧૧ કેસ નોંધાયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા આ બન્ને દર્દીઓના નિવાસસ્થાને જઈ સેનીટાઈઝેશન અને અન્ય કામગીરી હાથ ધરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકા પોલીસ સ્ટેશન પાસેના વિસ્તારમાં આવેલ હરિદર્શન સોસાયટીમાં ૫૦ વર્ષીય મહિલાનો કેસ પોઝીટીવ આવેલ છે. આ મહિલા અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ગઈ હોવાથી તે પરત ફર્યા બાદ તેણીનીને કોરોના પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત બીજો કેસ કલોલ રેલવે પૂર્વમાં આવેલ આકાશદીપ સોસાયટીમાં ૬૮ વર્ષીય પુરૂષનો પણ કોરોના ટેસ્ટનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. દહેગામના હરખજીના મુવાડા ગામે ૭૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તે સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ વૃદ્ધાને ગઈ કાલે ચક્કર આવતાં પડી ગયા હતા અને તેમને બ્રેઈન હેમરેજ થયુ હતુ. પ્રાથમિક સારવાર દહેગામ-ગાંધીનગર બાદ તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનો ટેસ્ટ કરવામાં આવતા કોરોના પોઝીટીવ આવ્યો હતો.

આજે ગાંધીનગર તાલુકામાં ૩ કેસ નવા મળ્યા છે. જે વાવોલ, ઝુંડાલ અને ઉવારસદના નોંધાયા છે. ઝુંડાલમાં ત્રીજો કેસ મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે. ઝુંડાલમાં નોંધાયેલ દર્દી એક ખાનગી કંપનીમાં ડિલવરી બોય તરીકે સેવાઓ આપતો હતો. ગઈકાલે ચાંદખેડા અર્બન હેલ્થ સેન્ટરમાંથી તેના સોબ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા અને તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તંત્રની ટીમ દ્વારા તેના નિવાસનું સેનીટાઈઝેશન કરવા ઉપરાંત અહિ સર્વેલન્સ વધુ સઘન બનાવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ યુવક સાથે સંપર્કમાં રહેલ ૧૫ જેટલી વ્યકતીઓને ક્વોરોન્ટાઈનમાં મોકલવામાં આવેલ છે.

વાવોલના સિદ્ધાર્થ બંગ્લોઝમાં રહેતા એક ભાઈનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ યુવક જુના સચિવાલય સંકુલમાં ફરજો બજાવે છે. જોકે તા. ૨૪ એપ્રિલના રોજ આરોગ્યકર્મીના હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં તેને તાવ હોવાથી સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવેલ હતા. આ પછી તેમને ગઈકાલે ગળામાં તકલીફ ઉભી થતાં સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા અને તેના નમુના મેળવી તપાસ કરતાં યુવાનને કોરોના પોઝીટીવ આવ્યો હતો.

આ યુવાન સાથે સંપર્ક ધરાવતા પાંચ વ્યક્તીઓને ફેસેલીટી ક્વોરોન્ટાઈનમાં ખસેડવામાં આવ્યા છે તો અન્ય એક પરિવારને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે. વાવોલમાં ૧૧ જેટલી ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસનું સઘન સર્વેલન્સ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જો કે નવા કોઈ શંકાસ્પદ કેસ સામે આવ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે. ઉવારસદ ગામેથી પણ એક ૬૬ વર્ષીય વૃદ્ધને કોરોનાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ વૃદ્ધે ગયા મહિને જ હર્નિયાનું ઓપરેશન કરાવ્યુ હતુ પરંતુ તેમને દુ:ખાવો ઓછો ન થતાં તેઓ સતત દવાખાનાઓ વચ્ચે સારવાર માટે જતા-આવતા રહેતા હોવાની હકીકતો બહાર આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી સાથે સંકળાયેલ ૮ વ્યક્તીઓને ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટર ખાતે અને ૧૭ વ્યક્તિને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૮ કેસમાં ૩ યુવાન છે. ૩ મહિલા દર્દી છે. ૩ મહિલા દર્દીઓની ઉંમર ૫૦ થી લઈ ૭૫ વર્ષની છે. જ્યારે બે વૃદ્ધ વ્યક્તીઓ પણ કોરોનામાં સપડાઈ છે.

### ભય ફેલાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમી ગયો છે. જ્યારે પ્રકૃતિ પણ તેના અસલ મિજાજમાં જોવા મળી રહી છે. આવા સંજોગોમાં પશુ પક્ષીઓ સહીત વન્ય જીવ પણ આ હરકતથી વિશેષ પ્રભાવિત છે. અલબત્ત શહેરમાં પણ આ જંગલી જીવોને હવે જંગલ જેવી ફીલીંગ આવી રહી હોવાનો સન્નાટો દિપડા માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. થોડા દિવસો અગાઉ દિપડો ગાંધીનગર નજીક સ્થિત કોલવડા ગામની આર્યુવેદિક કોલેજના કેમ્પસમાં ઘુસી ગયો હતો. જ્યારે વનતંત્રએ દિપડાને પાંજરામાં કેદ કરી રાહતનો દમ લીધો હતો. જ્યારે દિપડો પાંજરામાં કેદ થયો હોવાના સમાચાર હજુ તાજા જ હતા ત્યાં આ વિસ્તારમાં અન્ય એક દિપડાએ દેખા દીધી હોવાની પણ સ્થાનિકોમાં ફરિયાદ ઉઠવા પામી હતી. જો કે આ ઠેકાણે વનતંત્રએ તપાસ હાથ ધરી હતી પરંતુ કશુ હાથ લાગ્યુ ન હતુ જ્યારે ગઈકાલે માણસાના આજોલમાં દિપડો ફરતો હોવાની વાત પણ સામે આવી હતી. જેને અનુલક્ષીને આજોલ વિસ્તારના એક ખેતરમાં વનતંત્રએ પાંજરુ મુકી ડ્રોનના માધ્યમથી દિપડાના સગડ મેળવવા પ્રયાસ કર્યા હતા. પરંતુ દિપડો હાથ લાગ્યો ન હતો. જ્યારે ગઈકાલે રાત્રિના દિપડો માણસા શહેરમાં હોવાની વાત સામે આવતા સ્થાનિકોમાં ભયનો માહોલ છવાયો હતો. સ્થાનિકોએ રાત્રિના ઉજાગરા કરીને પણ દિપડા અંગે જાણકારી મેળવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ કાંઈ જાણકારી મળી ન હતી. જ્યારે વનતંત્રએ પણ દિપડો હોવાની વાત અંગે જાણકારી મળતા સ્થળ પર તપાસ હાથ ધરી હતી પરંતુ દિપડાની કોઇ ભાળ મળી ન હતી. વનતંત્રના જણાંવ્યા મુજબ છેલ્લા ઘણાં સમયથી નદીકીનારાના કાંઠાના ગામોના વિસ્તારમાં દિપડાનો પરિવાર હોવાની વાત સંભળાઈ રહી છે. જ્યારે દિપડાની આ હરકતના અંતે નદી કીનારાના ગામોમાં દિપડાનુ રહેણાંક હોવાનુ પણ પ્રાથમિક તબક્કે માલુમ પડી રહ્યુ છે. જો કે હાલની સ્થિતિએ દિપડાનુ કોઇ લોકેશન પકડાયુ નથી.